# Telephone conversation between Prime Minister and Prime Minister of Singapore

April 24, 2020

## વડાપ્રધાન અને સિંગાપોરનાં વડાપ્રધાન વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 24, 2020

23 એપ્રિલ 2020 નાં રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સિંગાપોરનાં વડાપ્રધાન મહામહિમ લી હસિએન લૂંગ સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારીને કારણે ઉભા થયેલા આરોગ્યનાં અને આર્થિક પડકારો પર દ્રષ્ટિકોણોની આપ-લે કરી હતી. તેઓએ આ મહામારી અને તેની આર્થિક અને સામાજિક અસરો પર કાબૂ મેળવવા તેઓનાં સંબંધિત દેશોમાં સ્વિકારવામાં આવી રહેલા પગલાઓથી એકબીજાને માહિતગાર કર્યાં હતા.

વડાપ્રધાને સિંગાપોરને તબીબી ઉત્પાદનો સહિત આવશ્યક માલસામાનનાં પૂરવઠાઓ જાળવી રાખવા માટે તમામ સંભવિત સહાયતા પ્રદાન કરવાનું વચન આપ્યું હતું. વડાપ્રધાને સિંગાપોરમાં ભારતીય નાગરિકોને આપવામાં આવી રહેલી સહાયતા બદલ પણ પ્રશંસા વ્યક્ત કરી હતી.

બન્ને નેતાઓએ વર્તમાન સંદર્ભમાં ભારત-સિંગાપોર વ્યૂહાત્મક ભાગીદારીની અગત્યતા પર ભાર મૂક્યો હતો. તેઓ કોવિડ-19 ને કારણે આવી પડેલા વર્તમાન અને ભાવિ પડકારોને સંબોધવા સાથે મળીને કામ કરવા સંમત થયા હતા.

વડાપ્રધાને વર્તમાન કટોકટી દરમિયાન સિંગાપોરનાં લોકોનાં આરોગ્ય અને સુખાકારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

**નવી દિલ્હી**
**એપ્રિલ 24, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.